Azadi Ka
Amrit Mahotsav

જા.નં/મા-૨/૨૦૨૨ ૧૧૪૫૬૧

જિલ્લાશિક્ષણાધિકારી કચેરી,
એ-૩,જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઇન્સ,સુરત

તા. ૨૮/૦૯/૨૦૨૨

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત જિલ્લાની તમામ સરકારી,ગ્રાન્ટેડ,નોનગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ,

**વિષય :-** શાળાઓમાં કાનૂની જાગૃતતા /સાક્ષરતા અન્વયે શિબિરનું આયોજન કરવા

**સંદર્ભ :-**જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ,રાજકોટના પત્ર ક્રમાંક/૨૦/૧૦૩૧/૨૦૨૨ તા.૨૬/૦૮/૨૦૨૨

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે,કાયદાકીય જાગૃતિ લાવવા તથા યુવાનોને કાયદા વિષે શિક્ષિત કરવા કાનૂની સાક્ષરતા મંડળો દ્વારા શાળા અને કોલેજોમાં કાનૂની સાક્ષરતા પ્રોત્સાહિત કરવા તથા યુવાનોની માનવ અધિકારો તથા નબળી વસ્તી માટે ન્યાય મેળવવવાની પહોંચની હિમાયત કરવાની ક્ષમતા વિકસાવવા નામ.ગુજરાત હાઇકોર્ટ અમદાવાદ તરફથી મોકલવામાં આવેલ એક્શન પ્લાન અન્વયે દરેક માસમાં શાળાઓમાં કાયદા વિષેના જ્ઞાન માટે કાનૂની શિબિરનું આયોજન કરવા જણાવવામાં આવેલ છે.

વિદ્યાર્થીઓના અભ્યાસ ન બગડે તથા શાળાને કોઈ અડચણ ઉભી ન થાય તે રીતે શાળાઓમાં આ પ્રકારની શિબિરનું આયોજન જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, રાજકોટ દ્વારા કરવામાં આવે ત્યારે સંપૂર્ણ સાથ સહકાર આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભ દર્શિત પત્રની નકલ

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિલ્લો-સુરત

**નકલ રવાના સવિનય જાણ સારું**

- સચિવશ્રી,જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ,રાજકોટ
- મે,સચિવશ્રી ગુજરાત માધ્યમિક અને ઉ.મા.શિક્ષણ બોર્ડ,ગાંધીનગર

**નકલ રવાના જાણ તથા અમલ થવા સારું**

- શિ.નિ.તથા મ.શિ.નિ – આ કચેરી